Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# અ-૯ રાજવિદ્યા રાજ્યગુહ્ય યોગ

ધનશ્યામસિંહ ગઢવી

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

આમ તો અનંતરૂપ પરમાત્માના અભિપ્રાયમાં અનઘ અર્જુન પ્રેમમૂર્તિમંત, ભક્તિસુધેચ્છુ, સખ્યસઘન અને અનુસંગનો અગર એવો હોવાથી તેના મનના સંશયહરણાર્થે હું ઉદ્યત થયો છું, તેવું કહે છે મુક્તિ એક માર્ગે જ શક્ય છે શું? પાર્થના આ પ્રશ્નના ઉત્તરરૂપ આ અધ્યાયમાં તેના માટેનો સરલતમ માર્ગ દર્શાવાયો છે. અનન્યચેતા, સતત જે મારું સ્મરણ કર્તા હોય,તેના માટે હું સુલભ છું. આવો સાધક મને અનન્ય ભક્તિથી પ્રાપ્ત કરી શકે છે. અબાધિત રીતે જે અનસૂય, ભેદબુદ્ધિરહિત હોય તેવા મુમુક્ષુને જીવન્મુક્ત કરે એવો માર્ગ કેશવે અહીં પ્રશસ્ત કર્યોછે તેને વ્યક્ત કરે છે. જ્ઞાનેશ્વરી-

दुसरा कर्मयोग जान | जिससे साधक निपुण । पाते हैं निर्वाण । यथा समय । तुम अम्ब मम ॥ (ज्ञाने,तृ.अ.21)

આ અધ્યાયમાં 'રાજવિદ્યા' અર્થાત્ सर्वासां विधानांराजा 'જ્ઞાન' રાજગુહ્ય એટલે કે सर्वेषां गुह्यानां राजा છે. જ્ઞાન એટલે જેવી રીતે રાજહંસ નીર-ક્ષીર વિવેકી હોય, તેવી રીતે તું જ્ઞાનાજ્ઞાનને જાણી શકે તે હેતુથી હું કહું છું. જેમ વાયુવેગથી ભુસુ થોડીવાર માટે પણ ટકી ન શકે તેમ જેને પ્રાપ્ત કરી સંસાર યથાસ્થાન છુટી જતો હોય અને સાધકને મોક્ષશ્રીનો લાભ થાય તેને જ્ઞાન કહેવાય. નામસ્મરણની વાત પર જોર દેતા અહીં વર્ણન કરેલું કે એક સ્મરણભક્તિનો પ્રકાર જો સેવ્યો હોય તો ક્યાં સુધી પહોંચી જવાય છે, તેનું દૃષ્ટાંત જ્ઞાનદેવ છે, તેના બારામાં કહેવાય છે કે આ અધ્યાયનો પાઠ કરતા કરતા એમણે સમાધિ લીધેલી. સગુણ-સાકારનો જીવ અને જગત સાથેનો નાતો, જીવની ઇશ્વર પ્રતિ ભક્તિ અને આ ભક્તિને 'રાજિવદ્યા' કહી. કેશીસુદન કહે છે કે હે પરંતપ જેમ પ્રભા અને ભાસ્કર અભિન્ન હોય તેમ હું અને જીવ અભિન્ન હોઇએ. આ અધ્યાય પર વિવેચન કરતાં બેલવેલકરે નોંધ્યું છે કે અમુક પર જ મોક્ષનો હક્ક ન રહેતા આ માર્ગ સર્વજનહિતાય ગીતા આપે છે. જે પથ આમ તો ખાંડા કેરી ધાર હોય પણ સુલભ છે સમર્પણથી. જેનો આશ્રય કરી માણસ મુકિતને દાસી બનાવી શકે છે. પ્રશ્ન

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

આવાગમનનો આવ્યો એટલે-

अश्रद्दानाः पुरुषाः धर्मस्यास्य परंतपः ।

अप्राप्य मां निर्वन्ते मृत्युसंसारवर्त्मनि । (गी. ९-३)

ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति । (गी.9-21)

अमृतं चैव मृत्युश्च सदसच्चाहमर्जुन । (गी.9-19)

મહામૃત્યુ એટલે કે કલ્પક્ષય પણ આનું ઉદાહરણ છે.

कल्पक्ष्ये पुनस्तानिह्न कल्पादौ विसृजाम्यहम्। (गी.9-7)

પ્રથમ તો અશ્રદ્ધાની વાત આવી તો જ્યાં શ્રદ્ધા ન હોય તે અશ્રદ્ધા, જે ક્યારેક અંધશ્રદ્ધા સુધી પહોંચી જતી હોય છે. તે આડવાત થઇ. પણ જો વિષય હોય શ્રદ્ધાનો તો પુરાવાઓની જરૂર હોતી નથી. અને એટલે જે અશ્રદ્ધાળુ છે તેવો મને ન પ્રાપ્ત કરી શકે. આ શ્રદ્ધાએ તો માળવાવાળીના ઝેરનું અમૃત કરેલું. કહેવાયું છે ને મન હોય તો માળવે પણ જઇ શકાય. પણ અહીં ક્યાં જવાની જ વાત છે, આવવાનું પણ લટકામાં મળે છે. અને એટલે લાંબા ગાળાનું અને વારંવારનું આવાગમન અને તેના ચક્રમાં અટવાય છે. આ અશ્રદ્ધાળુ- આવું ભગવાનનું કથન છે. જ્યાં સ્વર્ગને ભોગવીને અત્યંત મુક્તિ તો હોતી નથી તો શું હોય? ત્યાં કહ્યું કે પુણ્ય ક્ષીણ થતાં આ મર્ત્યલોકમાં આવવું પડે છે. કારણ કે-

आब्रह्मभूवानाल्लोकाः पुनरावर्तिनोडर्जुन । (गी. ८-16)

આ ભુવલોક પરાવર્તિ સ્વભાવ ધરાવે છે. અને તેમ છતાં હું આ ઉભય મૃત્યુ અને અમૃતનો તથા मृतयुः सर्वहर (ગી.૧૦-૩૪) રુપે વિભૂતિ યથાપ્રસંગે ગણાવાઇ છે. આ જન્મમૃત્યુ તો વ્યામોહની સેજ પર અવિદ્યાના બળે જ્યારે નિદ્રિત થતો સાધક ત્યારે દુ:સ્વપ્ર ભોગી મૃત્યુને સેવે છે. જે આ માર્ગનો પંથી છે તેને એક રૂપકથી બદ્ધ શુકની સાથે જ્ઞાનેશ્વરી સરખાવે છે. શુકના અંગભારથી પાંજરાની નળી ઉલટી થઇ જાય ત્યારે પડી ન જવાની બીકે તેને જ પકડી રાખતો પોપટ વ્યર્થ ડોકને ધુમાવ્યા કરે, ચાંચથી નળી દબાવ્યા કરે અને પંજાથી દૃઢ રીતે ઝાલી રાખે, હું બંધાઇ ગયો એવી ભાવનાથી મુક્ત હોવા છતાં પંજાથી પકડતો અકારણ બંધાયેલા ને કોણ બંધાયેલો કહે?

ભલે સ્વયં તુટી જાય પણ છોડાવવાં છતાં ન છુટે તેવાને સ્વનો દુશ્મન માનવો જ રહ્યો, બંધનને જાણીને તેમાંથી મુક્ત થવું તે મુક્તિ અથવા આત્મજ્ઞાન. આત્મજ્ઞાન એટલે શરીરાન્ત બાદ જે રહે તે. ઋગ્વેદ ૧૦-૫૮માં મૃતવત્ સુપ્ત પડેલ વ્યક્તિની આત્મા (મન્સ) બહાર ભ્રમણ કરી રહેલ સ્થાનોથી પુનઃ શરીરમાં આવવાની પ્રાર્થનાકરે છે. અહીં જે તેને હૃદગત મનાયું તે ચેતન છે. જેનું સ્વતંત્ર અસ્તિત્વ છે. તે વૈભવ સંપન્ન છે. તે નિરંતર પ્રકાશલોકમાં જનાર છે. અથર્વ. ૧૮-૨માં પાછા ફરવાની વાત છે. આયવામીયસૂક્તમાં ૧-૧૬૪માં તેને અમર્ત્ય કહેવાયું. અહમ્ દેહની જીવની શક્તિ છે. બ્રહ્મસૂક્ત ૧૦-૯-૪૪માં તેને અકામા, ધીર અને સ્વયંભૂ તથા રસદીપ્ત કહ્યો છે. આવો ભાવોવી ભક્ત અને ભગવાન સરખા છે. ભગવાનની સ્વયં અમૃત હોવાની વાત આને સંપૃક્ત કરે છે. અર્થ અને કામના ફેરામાંથી છુટવાનું નામ મોક્ષ છે, પરંતુ આ બન્નેની ચુંગાલમાં ફસાયા વિના મોક્ષ પણ થતો નથી. આવી હાલતમાં ધર્મનો સહારો લઇને બન્નેમાં સામંજસ્ય ઉત્પન્ન કરી શકાય છે. ભોજનાદિની આવશ્યકતા બધાને છે. પદાર્થ સૃષ્ટિ દ્વારા સંયુક્ત થાય છે. ઇચ્છિત પદાર્થ સંસારમાંથી લેવામાં આવે છે; તેથી સંસારને સમજ્યા સિવાય કે ઇચ્છાનો યથાર્થ ઉપયોગ કર્યા સિવાય ક્યારે?

કેટલું? કેવી રીતે ગ્રહણ કરવું? તેના જ્ઞાતા બનીને ઉચિત ઉપાયોથી અમૃત સાધી શકાય છે. પુનરુક્તિથી અનિવાર્ય રીતે કહ્યું કે આવાગમનનું કારણ કામનાઓ છે. તેને તાત્ત્વિક દૃષ્ટિએ આમ સમજાવી શકાય કે જેવી રીતે કપુરાશિ બનાવી અને તેમાં અગ્નિપ્રદાન કરીને, મિષ્ટાન્નમાં કાલકૂટ મેળવીને અથવા દૈવયોગથી અમૃતઘટ મળે અને પાદપ્રહારથી ઢોળાઇ જાય તેવી રીતે નિષ્પન્ન ધર્મને ફળકામનાઓ નષ્ટ કરી દે છે. એટલે તો નિષ્કામ કર્મની હિમાયત કરતાં ત્યાં જ કહે છે.-

शुभाशुभफलैरेव मोक्ष्यसे कर्मबन्धनैः । (गी. 9-28)

વિમુક્ત થઇ મને પ્રાપ્ત કરીશ. કર્મબન્ધના નિવારણ માટે જ્ઞાન વગેરે છે. તેથી કહ્યું કે આ બધું મારાથી અનુસ્મૃત હોવા છતાં, જેવી રીતે સ્વપ્રગર્તમાં જાગૃતિ નથી ડુબાડતી, રસોત્પન્ન બીજકણથી ઉત્પન્ન કાષ્ઠમાં બીજ નથી રહેતું, ગનનમાં મેઘાછન્નતા હોય પણ મેઘોમાં આકાશ નહીં, ઉદકના આવેશથી તેજ ચમકીલું લાગે પણ શું તે વીજમાં પાણી હોય છે ક્યારેય? અગ્નિથી ધુમાડો થાય પણ ધુમાડામાં અગ્નિ થોડો રહે છે. તેમજ ભલે હું વિકારી દેખાવું છું પણ હું વિકારી નથી, અવિકારી છું-

मत्स्थानि सर्वभूतानि न चाहं तेष्ववस्थितः।

मया ततमिदं सर्वं जगदव्यक्तमुर्तिना ॥

(गी.9-4)

मयाडध्यक्षेण प्रकृतिः सुयते सचराचरम् ॥

(गी. 9-10)

ભૂતભાવને સમગ્ર સંચાલન પોતાનું છે તેની વાત કરી. જે માયા એકત્ર બીજરૂપા અસ્તિ-નાસ્તિ વચ્ચે ઝોલા ખાતી, એકત્ર અષ્ટધા, कल्पक्षयेમહાકલ્પાન્તે ભૂતમાત્ર આમાં જ વિલીન થાય છે જેવી રીતે વર્ષાના ઘટાટોપ મઢ્યા બાદની શારદીય નિરભ્રતા-

न च मां तानि कर्माणि निबन्धन्ति धनंजय । (गी.9-9)

મને બંધનકર્તા તેવી રીતે નથી જેવી રીતે પર્વતકન્દરામાં પર્જન્યધારા.

प्रकृतिं स्वावष्टभ्य विसृजामि पुनः पुनः । (गी.9-8)

कल्पादौ તે જ જેમ વણકર તન્તુસમવાયથી પટ વણે તેમ હું સર્જી છું. અને આ બધું એક જગ્યાએ ત્વષ્ટાથી સૃષ્ટિરચના જણાવાઇ અને નાસદીય સૂક્ત આનું બીજ મનાયું. એ અવ્યક્ત, અવચેતન, અદ્વિતીય કહેવાયું. જેનો મૌલિક આધાર પુરુષસુક્તમાં ગવાયો તેને સ્વંય કૃષ્ણ અહીં કહે છે. અદ્વિતીય, વિશ્વકર્મા, સર્વવ્યાપક, આત્મજ્યોતિ, પરમવ્યોમન છે. વિદ્યાઓમાં રાજા, ગુહ્યોમાં શ્રેષ્ઠ, પવિત્ર, ઉત્તમ, પ્રત્યક્ષમાં જેનો અનુભવ કરી શકાય તેવું ધર્મ, સરળતાથી આચરી શકાય તેવું છે. ભગવાન સ્વયં ઉચ્ચરે છે કે અવ્યક્ત સ્વરૂપવાળા મારા વડે આ સર્વ જગત વ્યાપ્ત છે. સર્વ મારામાં પણ હું તેઓમાં નહીં. ઐશ્વર્યથી હું ભૂતમાત્રને ધારણ કરું છું. તે માત્ર મારામાં કલ્પાયેલા છે. વળી ઉપાદાન અને નિમિત્ત કારણ હોવા છતાં પરમાર્થસ્વરૂપે સચ્ચિદાનંદ અસંગ છે. અને કહે છે જેવી રીતે આખાશમાં વાયુ સર્વત્રગો છે. ભાનુબિમ્બ જળમાં નથી મગ્ન થતું પણ વિશ્વરૂપ થતું જોવાય, જ્યાં પ્રવૃત્તિ પંગુ બને અને તર્કદષ્ટિ લુપ્ત થાય ત્યારે અણીશુદ્ધ આત્મતત્ત્વ શેષ રહી જાય છે. જેમ કે આવો જ ભાવ આગળના અધ્યાયમાં આવી ગયેલ છે-

मत्तः परतरं नान्यत् किञ्चिदस्ति धनञ्जय । (गी.4-7)

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

સમગ્ર જગત તેમાં ઓતપ્રોત છે. તેના સ્વરૂપ વિશે કહે છે-

मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव । (भ.गी.7-7)

બ્રહ્મ અને ભૂતોનો સંગ કેવો? બ્રહ્મ ભૂતમાત્રનું અભિન્ન નિમિત્તોપાદાન કારણ હોવા છતાં પણ નિર્વિકારી અને શુદ્ધ છે. વળી ભૂતો મારામાં-

न च मत्स्थानि भूतानि पश्य मे योगमैश्वरम् ॥ (गी.9-5)

આ સિદ્ધાંતથી ઇશ્વરાધાન, કૂટસ્થત્વ અને વિભુત્વનું સામંજસ્ય સધાયું છે. નિર્ગુણ બ્રહ્મ પ્રકૃતિથી સાશ્રય બની ભૂતમાન બને છે. ભગવાન કહે છે ઉદાસીન અને કર્મોની અનાસક્તિથી મને કર્મબન્ધન સ્પર્શતું નથી. મારી અધ્યક્ષતામાં આ સચરાચર પ્રસવ પામે છે. આમ નિરાકાર આકારને પ્રાપ્ત થાય છે. બ્રહ્મના વિવર્તરૂપ અને પ્રકૃતિના પરિણામરૂપ સક્રિય થાય છે. તે જગતસ્રષ્ટા ત્યાર બાદ એવો હું જગન્માતા, પિતા, પિતામહ, ગતિ, ભર્તા, પ્રભુ, સાક્ષી, શરણ, ગૃહત્, પ્રભવ, પ્રલય, બીજ, નિધાન અને સ્થાન છું આવું આદિષ્ટ કરીને ધાતા કહેવાયો છે-

यस्तु सर्वाणि भूतान्यात्मन्येवानुपश्यति । (इश.६)

આત્મયાજીની એકાત્મતાનો ભાવિસ્તાર સમજાવતાં મનુસ્મૃતિકાર કહે છે-

सर्वभूतेषु चात्मानं सर्वभूतानि चात्मनि ।

समं पश्यन्नात्मयाजी स्वराज्यमधिगच्छति ॥ (मनु. 12-91)

જ્યાં મારાથી આ જગત સ્થિર થયું છે. મારી પ્રકૃતિનો આશ્રય લઇ હું આ સર્વનું સર્જન કરું છું-

मेघाशा मोघ कर्माणो मोघज्ञाना विचेतसः ।

राक्षसीमासुरी चैव प्रकृति मोहीनिं श्रिताः ॥ (गी.9-12)

જે મૂઢ છે તેઓના આશા, કર્મ અને જ્ઞાન નિષ્ફળ બને છે. મોહ પમાડનારી રાક્ષસી અને આશુરી પ્રકૃતિનો જેઓ આશ્રય કરે છે તેઓ માટે જેમ વ્યાઘ્રનો સંગ અથવા સાપ સાથે રમવું કઠણ છે. આમિષથી આવૃત્ત કાંટો મીનને લુબ્ધ કરે છે તેમ ઇન્દ્રિયલાલક પંચતત્ત્વસમુદાયભોગી પંચત્વને પ્રાપ્ત થઇ જાય છે. પછી તે ભલે પાપયોનિ, સ્ત્રી, વૈશ્ય કે શૂદ્રાદિ કેમ ન હોય, બ્રાહ્મણ કે રાજર્ષિ કે ભક્તનું તો કહેવું જ શું? મન્મના થાતો મદ્યાજી બનતો, મત્તરાયણ થા તેવી આજ્ઞા કરી છે. અંતે તે બધું મને જ પહોંચે છે-

सर्वदेवनमस्काराः केशवं प्रति गच्छति ॥

તેઓ તો ભૂતોના મૂલ એવા મને ભગવાન તરીકે જાણે છે અને ભક્તિરવ્યભિચારીણિ કરતાં અનન્યભાવથી ભજે છે-

महात्मानस्तु मां पार्थ दैवीं प्रकृतिमाश्रिताः । (गी.9-13)

પણ દૈવી પ્રકૃતિનો જેઓને આધાર છે તેઓની વાત જુદી છે. ભક્તિના મહિમાનું વર્ધન કર્યું છે. દૈવીસ્વભાવનું વર્ણન अहिंसासत्यास्तेब्रह्मचर्यापरिग्रहा यमाः રૂપે મહાભાષ્યકાર પતંજલિ વર્ણવે છે, સોળમાં અધ્યાયમાં આ વિષયને વિગતવાર ચર્ચોછે.તેવો ભક્ત આદિ-અવ્યય માની મને ભજે છે. ભક્ત નવ પ્રકારે ભજન એટલે કે વણ,કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય, આત્મનિવેદનરૂપ નવધા ભક્તિને ભાગવતકાર વર્ણવે છે તેમ કરે તો, ઉપાસનાની પણ ભિન્ન ભિન્ન પદ્ધતિઓ છે. કેટલાક નિરંતર ઇશ્વચિંતન કરે

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

છે. કેટલાક નિરંતર ઇશ્વરચિંતન કરે છે. કેટલાક દૈઢવ્રતી બની પ્રયત્નપૂર્વક ભક્તિથી નમસ્કાર કરતા ઇશ્વરને ઉપાસે છે. કેટલાક જુદી રીતે વિશ્વવ્યાપીને ઉપાસે છે. અથવા યજ્ઞરૂપ ઇશ્વરને ગણવો તે એકત્વની ઉપાસના છે પણ યજ્ઞના અંગો સ્વધા, સ્વાહા, ઔષધ, મંત્ર અગ્નિ આજ્ય વગેરે સાથે ઇશ્વરને એક ગણવો-

अङंक्रतुरहं यज्ञः स्वधाहमहमौषधम् ।

मन्त्रोऽहमहमेवाज्यमहमग्निरहं हुतम् ॥ (गी.9-16)

આ યજ્ઞનું રૂપક-

अस्थि कृत्वा समिधं तदष्टापो असादयन् ।

रेतः कृत्वाऽऽज्यं देवाः पुरुषमाविशन् । (अथर्व 11-8-29)

અસ્થિઓને સમિધા બનાવી, રેતનું ઘી કરી, આઠ રસોને લઇ દેવતાઓએ પુરુષમાં પ્રવેશ કર્યો. આમ આપસ્તંબ સુધી સામંજસ્ય ઉત્પન્ન કરી યજ્ઞથી જ યજ્ઞ ઉત્પન્ન થયો यज्ञो यज्ञेन कल्पताम् । (यजु-9-21) શતપથ બ્રાહ્મણ કહે છે यज्ञो वै श्रेष्ठतमं कर्म । (श.ब्रा.1-7-45) ત્યાં જ अहमेव सर्वयज्ञानां भोक्ता કહે છે.(ગી. ૯-૨૪) ભગવાન જે યજ્ઞની સાર્વત્રિક વ્યાખ્યા કરે છે તે સંદર્ભે કહી શકાય કે આ જ યજ્ઞ આયુર્વેદ એટલેકે ઋતુસંધિમાં વ્યાધિ જન્મે છે ત્યારે તેના ઉપાય રૂપે भेषजकृतो ह वा एष यज्ञो यज्ञैवंविद् ब्रह्मा भवति । ભૂગોળને આવૃત્ત કરે છે જેમ કે તેમાં કાળની સાથે દેશ એટલે કે યજ્ઞવેદીકા માટે સ્થળ એટલે જોવાતું કેમ કે कृष्णासारस्तु चरति मृगो यत्र स्वभावतः । વાસ્તુ જેમ કે યજ્ઞભૂમિમાપનું વર્ણન છે. યજ્ઞ વડે ગણિતનું આ વડે જ્ઞાન को अस्य वेद भुवनस्य नाभि । (यजु.23-59) તેમાં જ પદાર્થવિજ્ઞાન જેમ કે वायुरन्तरिक्षस्याधिपतिः। (અથર્વ- ૫-૨૪-૮) સાથે કલા, કૌશલ, પાકશાસ્ત્ર, ચરભૂમિ, રાજ્યવર્ણન કે સ્વરાદિ વિદ્યાઓનું આ વ્યાજે વર્ણન

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

છે. એટલે તો ભગવાન કર્તવ્ય રૂપે યજ્ઞ કરવાની આજ્ઞા આપે છે-

ज्ञानयज्ञेन चाप्यन्ते यजन्तो मामुपासते || (ગી. ૯-૧૫)

મનુસ્મૃતિકાર अध्यापनं ब्रह्मयज्ञः કહ્યો. અને એટલે જ તો स्वाध्यायात् मा प्रमद् (ઐત ૫-૧-૧) જેસાંપ્રત સમયમાં સાક્ષરતાઅભિયાન, સર્વશિક્ષા અભિયાન, પ્રાથમિક શિક્ષણની અનિવાર્યતા પ્રૌઢશિક્ષણના નામે પ્રખ્યાત છે. વૈદાજ્ઞાને ચરિતાર્થ કરે છે ગીતાનો આ ભાવ ज्ञाने परिसमाप्यते ।। એવા જ્ઞાનયજ્ઞ વડે કેટલાક મને પૂજે છે, કહ્યું છે કે-

महायज्ञैश्च यज्ञैश्चश ब्राह्मीयं क्रियते तनुः ।

अधियज्ञोडहमेवात्र देहे देहभृतां वर ॥ (गी. ૮-૪)

આવું અનષ્ઠાન બ્રહ્મયોગ્ય બનાવે છે. બ્રહ્મના એક રૂપ ઓંકરાના મહિમાને ગાતા કહે છે-

वैद्यं पवित्रमोंकार ऋक्साम युजरेव च ।

(गी. ૬-૨૭)

આ નાદબ્રહ્મ તેના વિષયમાં કહેવાયું છે કે તે સર્વમંત્રોમાં ઉત્તમ છે. જે પ્લવથી ભવસાગર તરી શકાય છે-

ओंकारः सर्वमंत्राणामुत्तमः परिकीर्तितः ।

ओंकारेण प्लवेनैव संसाराब्धि तरिस्यसि ॥

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

ત્રણ અક્ષરાન્વિત અ, અને મનું ઉચ્ચારણ નાદબ્રહ્મનું પ્રતીક છે. પ્રાતઃકાળે ઉત્તમાસનાસ્થિત રહી તેનું ઉચ્ચારણ કે જપ કરવાથી ઘણી શારીરિક, માનસિક ક્ષતિઓ સાધકની દૂર થાય છે. ગળામાંથી કંપિત થતો આ નાદ શાંત અને સ્વસ્થ ચિત્તથી ધ્યાન કરતા ઉપાસકની વિષક્તતાને શરીર બહાર કરે છે. નકારાત્મકતાને નિયંત્રિત કરતો, પાચનને સતેજ કરતો, શક્તિવર્ધક, નિદ્રા-જાગૃતિને સંતુલિત કરતો, વાયુને પરિભ્રમિત કરતો, કસેરુને પ્રબળ બનાવતો; આ અને આવા અસંખ્ય લાભોને પ્રાપ્ત કરાવતા માટે કહેવાયું-

ओंकारप्रभवाः देवाः ओंकारप्रभवाः स्वराः ।

ओंकारप्रभवं सर्वं त्रैलोक्यं सचराचरम् ॥

यं यं वाडपि स्मरन् भावं त्यजन्ते कलेवरम् ।

यान्ति देवव्रताः देवान्पितृन्यान्ति पितृव्रताः

भूतान्यान्ति भूतभया यान्ति मदयाजिनोडपि माम् ॥ (गी. १-२)

એક સ્થળે કહી દીધું છે તે પ્રમાણે જે લોકો મારું અનન્ય ભાવે ચિતંન કરે તેને હું તેવી રીતે ભજું પણ છું અને તેવી ગતિ પણ આપું છું. જે જેને ભજે તેને તેવી ગતિ પ્રાપ્ત થાય છે-

બાદમાં અભય વર આપે છે- જેઓ મને અવિધિપૂર્વક અન્ય દેવતાઓનું યજન કરતા પણ કે ચેત દુરાચારી પણ ભજે તેઓને સાધુ જાણવો કેમ કે-

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।

(गी.9-30)

તે ધર્માત્મા બનતો મારો ભક્ત કદી નાશ નથી પામતો. ભલે તે મને પત્ર, પુષ્પ, ફળ કે જળથી પણ મને સેવે. આવા ભક્તના યોગક્ષેમનું વહન હું જાતે કરું છું, યોગક્ષેમ એટલે કે -

अलब्धस्य लाभः लब्धस्य परिरक्षणम् ।

तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥

(गी. 9-22)

मनीषिणो हि ये केचित् यतयो मोक्षधर्मिणः।

तेषां तृष्णानांयोगक्षेमवहो हरिः ॥

પરમાત્માનું અભયવચન છે કે હે તાત-

न हि कल्याणकृत्कश्चित् दुर्गतिं तात गच्छति । (गी. 6-40)

ગીતાના મતે બે પ્રકારના મનુષ્યો આસુરી અને દૈવીસંપદાવાળા છે,ત્યાં કહ્યું છે તે પ્રમાણે આસુરી સદૈવ पतति नरकेडशुचौ । ઉપર્યુક્ત પ્રશ્નાવલીમાં કહ્યું કે અંતે જે મારું સ્મરણ કરતો દેહાવસાન પ્રાપ્ત કરે તે મને પ્રાપ્ત થાય છે. या मतिः सा गतिः અનુસાર જીવનભર ન ભજે પણ અંતકાલે स्मरन्मुक्त्वा क्लेवरम् ।

હું સર્વભૂતો પ્રત્યે સમાન છું. બહુત્વની ભાવના છે. પ્રવણ સાથે ઇશ્વરને અભેદ ગણવો તે એકત્વની ભાવના છે પણ જુદા જુદા વેદ સાથે ઇશ્વરને અભેદ ગણવો તે બહુત્વની ઉપાસના છે. કામની સાથે ઇશ્વરને એક ગણવો તે એકત્વની ઉપાસના છે, પણ ગ્રીષ્માદિ સાથે તેને એક ગણવો તે અનેકત્વ છે. દેવોનું વ્રત કરનારાઓ દેવોને પ્રાપ્ત કરે છે. હું યજ્ઞનો ભોક્તા અને પ્રભુ છું. દેવ, ભૂત કે પિતૃનું યજન કરનારા તેઓ તેઓને પ્રામે છે.

અને મારું પૂજન કરનારા મને પ્રાપ્ત થાય છે.

ભક્તિના મહાત્મ્યને ગાતા કૃષ્ણ કહે છે હે કુન્તીપુત્ર જે કાંઇ કરે તપાદિ તે મને અર્પણ કર. આ પ્રમાણે કરવાથી શુભાશુભપરિણામોથી રહિત મને પ્રાપ્ત કરીશ. જેમ વાદળ સમાન રીતે વર્ષે તેમ ભગવાન બધે સમાનભાવે વસે છે, પણ જે જેવા ભાવથી ભજે છે તેને તેવા ભાવથી હું ભજું છું. અત્યંત દુરાચારી પણ અનન્યભાવે ભજે છે તો ભગવાન તેને સાધુ કહે છે. કારણ કે ભગવાનનું વચન છે તેનો ભક્ત ક્યારેય નાશ નથી પામતો. ત્યાં સુધી કે સ્રી, વૈશ્ય, શૂદ્રાદિ પણ કેમ ન હોય? ઇશ્વરાધીન પરમ ગતિને પ્રાપ્ત કરેછે તેવું ગરુડ પુરાણ મુજબ શૂદ્રાદિ અર્થાત્ भक्तिरष्टविधा ह्येषा यस्मिन् म्लेच्छोडपि वर्तते । પત્તિરવિધા દ્વેષા ર્યામ્મન્ ◌ે∞◌ેપિ વર્તતે । તો પછી બ્રાહ્મણાદિની તો વાત શી? ભગવાનની આજ્ઞા છે-

मन्मना भव भद्भक्तो मध्याजी मां नमस्कुरु । (गी.9-3४)

હું ન્યુનાધિક ન જોનારો દીપથી દીપ જલે તો કોણ પ્રથમ? તેની ઓળખ ન હોય તેમ સર્વસ્વપણે તદ્રુપ થા.